જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૬/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૪૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૬૧	3	૧૧૫૬૪	૧૭૬૭૬	3	૧૭૬૭૯
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૨૬	૦	૪૭૨૬	૬૨૬૧	૦	૬૨૬૧
3	કલમ ૧૪3,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૨	૦	૯૨	33૨	૦	33૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૯૭૨૬	૨૭૪	૬૦૦૦૦	૬૦૨૯૪	૨૭૨	૬૦૫૬૬
કુલ		૭૬૧૦૫	૨૭૭	૭૬3૮૨	૮૪૫૬3	૨૭૫	૮૪૮3૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૫	૩,૮૨,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯૭૪	૧૯,૭૪,૦૦૦/-

ઘરફોડ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન “ઘરફોડ ચોરીના” એક આરોપીને કુલ્લે રૂ.૬૫૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી નરોડા સર્વેલંસ સ્કવોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓએ મિલકત સબંધી ગુના શોધી કાઢવા સારૂ તેમજ મિલકત સબંધિ ગુના બનતા અટકાવવા સારૂ સખતમાં સખત પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના “પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાંભલા” નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના “પો.સબ.ઇન્સ.કે.બી.રાઠોડ” તથા સાથેના સર્વેલંન્સ સ્કવોડના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ પો.કો. પ્રવિણભાઇ વાધાભાઇ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે નરોડા સુતરના કારખાના ત્રણ રસ્તા પાસેથી આરોપી અમીત સ/ઓ ખુશીહાલ જાતે ચૌધરી ઉ.વ ૩૧ ધંધો વેપાર રહે સી/૪૦૩ નિલકંઠ ક્રિષ્ટલ અક્ષરદિપ ફલેટની પાસે નાના ચીલોડા નરોડા અમદાવાદ શહેર મુળ વતન મ.નં ૧૮ સાહુકોલ ઉર્ફે મિર્ઝાપુર સાહુકોલ તા ગોરખપુર જી ગોરખપુર ઉતરપ્રદેશ નાને “ગુ.ર.નં.પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૫૨૧૧૨૮૪/૨૦૨૧ ઇ.પી.કો.કલમ.૪૫૪, ૪૫૭, ૩૮૦, ૩૭૯,૧૧૪ મુજબ ગુનાના કામે ચોરી કરી લઇ ગયેલ એલ.ઇ.ડી. ટી.વી.જોતા લોયર્ડ કંપનીનુ કાળા કલરનુ છે.જે ૪૨ ઇચનુ છે. જેની કિરૂ,૩૦,૦૦૦/- ગણી શકાય તે તથા ચોરીના કામે ઉપયોગ કરેલ એકટીવા જેની કિરૂ,૩૫,૦૦૦/- ગણી કુલ્લે રૂ.૬૫૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી તા.૨૫/૦૬/૨૦૨૧ ના કલાક ૧૫/૦૦ વાગે ઉપરોક્ત ગુનાના કામે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.તા.૨૫/૦૬/૨૦૨૧.

મુદ્દામાલ – ચોરી કરી લઇ ગયેલ એલ.ઇ.ડી. ટી.વી.જોતા લોયર્ડ કંપનીનુ કાળા કલરનુ છે.જે ૪૨ ઇચનુ છે. જેની કિરૂ,૩૦,૦૦૦/- ગણી શકાય તે તથા ચોરીના કામે ઉપયોગ કરેલ એકટીવા જેની કિરૂ,૩૫,૦૦૦/- ગણી કુલ્લે રૂ.૬૫૦૦૦/- ના મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે.સ્કવોડ પો.સ.ઇ.કે.બી.રાઠોડ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કોન્સ પંકેશભાઇ ધનાભાઇ બ.નં.૪૦૫૬ પો.કો.પીયુષ નટવરલાલ બ.નં.૧૦૧૭૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો.પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો. જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૦૪૬ તથા પો.કો..પ્રવિણભાઇ વાધાભાઇ બ.નં.૫૧૬ તથા પો.કો.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૪૯૨૭ તથા પો.કો..મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં.૪૯૩૪ તથા એલ.આર.વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ તથા એલ.આર.અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫.

આરોપીનુ નામ –

અમીત સ/ઓ ખુશીહાલ જાતે ચૌધરી ઉ.વ ૩૧ ધંધો વેપાર રહે સી/૪૦૩ નિલકંઠ ક્રિષ્ટલ અક્ષરદિપ ફલેટની પાસે નાના ચીલોડા નરોડા અમદાવાદ શહેર મુળ વતન મ.નં ૧૮ સાહુકોલ ઉર્ફ મિર્ઝાપુર સાહુકોલ તા ગોરખપુર જી ગોરખપુર ઉતરપ્રદેશ



જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

પી.સી.બી.

માધવપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી જુગાર રમતા ૨ ઈસમોને કુલ રૂપિયા ૨૩,૨૮૦ /- ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.”

મે.ડી.જી.પી.શ્રી ગુ.રા. તરફથી આપવામા આવેલ પ્રોહી/જુગાર ડ્રાઈવ અનુસંધાને મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સુચના આપેલ જે અનુસંધાને પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૨૫.૬.૨૦૨૧ ના રોજ સ્ટાફના અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ, અહેકો મુકેશભાઈ રામાભાઈ, અહેકો યોગેન્દ્રસિહ હઠીસિહ તથા અહેકો શૈલેષ દેવાભાઈ તથા અન્ય સ્ટાફના માણસો સાથે શહેર વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફના હે.કો. મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ તથા હે.કો. મુકેશભાઈ રામાભાઈ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીક્ત આધારે જહાગીરવકીલ ની ચાલી દરીયાખાન ઘુમ્મટ સામે દુધેશ્વર અમદાવાદ શહેર ખાતે રેઈડ કરી કુલ્લે ૨ આરોપીઓને મુંબઈ વરલી મટકાનો સટ્ટા બેટીગનો આંક લખી જુગાર રમી રમાડતા કુલ્લે ૨ આરોપીઓને રોકડા રુપિયા ૨૩,૨૮૦/ તથા જુગારના સાધનો મળી કુલ્લે રૂ.૨૩,૨૮૦/- ના મુદામાલ સાથે પકડી લઈ તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી માધવપુરા પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૧૦૨૧૧૧૩૩/૨૦૨૧ જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

ગુનાની જગ્યા: જહાગીર વકીલ મીલની ચાલી દરીયાખાન ઘુમ્મટ સામે દુધેશ્વર અમદાવાદ શહેર ખાતે ખુલ્લી જગ્યામા

પકડાયેલ મુદામાલ : (૧) નાંણા રૂ.૨૩,૨૮૦/- (૨) સ્લીપ નંગ ૧ કિ.૦૦ (૩)સટ્ટા બેટીગનો આંક લખેલ સટ્ટા બુક નંગ ૨ (૪) બોલપેન નંગ ૧ કિ.૦૦ મળી મળી કુલ્લે કિ.રૂ.૨૩,૨૮૦/-

પકડાયેલ આરોપીઓ :

(૧) વિક્રમ કાનાજી ઠાકોર રહે.જહાગીર વકીલ મીલની ચાલી દરીયાખા ઘુમ્મટ સામે દુધેશ્વર અમદાવાદ

(૨) જલાલુદીન ખાન ઉસ્માનઅલી ખાન બાગી રહે.ઘર ન.૨૩૪/૪૧ ચાર માળીયા વટવા અમદાવાદ

વોન્ટેડ:

(૧) દાઉદ ઈબ્રાહીમ મિયાણા રહે.જહાગીર વકીલ મીલની ચાલી દરીયાખાન ઘુમ્મટ સામે દુધેશ્વર અમદાવાદ શહેર

(૨) નાશી જનાર સટ્ટો લખાવનાર એક ઈસમ જેનુ નામઠામ જાણવા મળેલ નથી

(૩) રાજુ જેનુ પુરુ નામઠામ જાણવા મળેલ નથી રહે.જહાગીર વકીલની ચાલી દરીયાખાન ઘુમ્મટ સામે દુધેશ્વર અમદાવાદ



કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ ની સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હાલમા ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પ્રોહી-જુગાર ની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૨૫/૦૬/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે પો.સ્ટે હાજર હતા અને પેટ્રોલિંગમાં જવાની તૈયારી કરતા હતા દરમ્યાન પી.એસ.ઓ. નાઓ તરફથી " કન્ટ્રોલ ના ક.૧૯/૧૦ તથા ક.૧૯/૧૬ વાગ્યાનો કેસ નં-૯૩૪૯૩ નો મેસેજ મળેલ કે સત્યમ સ્કુલ ની સામે રિક્ષા સ્ટેન્ડ પાસે કૃષ્ણનગર ઉપરોકત જગ્યાએ કેટલાક છોકરાઓ જુગાર રમે છે " વિગેરે મેસેજો આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તેમજ પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યા ઉપર જઇ રેઇડ કરી બે ઓટો રિક્ષાઓની આડમાં ગોળ કુંડાળુ વળી પૈસા પાના થી નાણા ની હારજીત નો તીન પત્તીનો જુગાર રમતા આંઠ ઇસમોને અંગજડતીના નાંણા રૂપિયા ૧૨,૧૮૦/-તથા દાવના નાંણા રૂપિયા ૧,૦૦૦/-મળી કુલ્લે રોકડ નાંણા કિ.રૂ.૧૩,૧૮૦/-તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૦૭ કુલ્લે કિ.રૂ.૨૮,૦૦૦/- તથા બે ઓટો રિક્ષા કિ.રૂ.૧,૫૦,૦૦૦/-મળી કુલ્લે કિ.રૂ.૧,૯૧,૧૮૦/-ના મુદ્દામાલ સાથે ક.૨૧/૩૦ વાગે જુગાર ધારા કલમ-૧૨ મુજબ પકડી પાડી જુગારનો ગણનાપાત્ર ક્વોલીટી કેશ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૨૬/૦૬/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ **વી.એમ.ગોહિલ** તથા એ.એસ.આઇ અશ્વીનભાઇ રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં.૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં.૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮ તથા બીજા સ્ટાફના માણસો

મુદ્દામાલ :- અંગજડતીના નાંણા રૂપિયા ૧૨,૧૮૦/-તથા દાવના નાંણા રૂપિયા ૧,૦૦૦/-મળી કુલ્લે રોકડ નાંણા કિ.રૂ.૧૩,૧૮૦/-તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૦૭ કુલ્લે કિ.રૂ.૨૮,૦૦૦/- તથા બે ઓટો રિક્ષા કિ.રૂ.૧,૫૦,૦૦૦/-મળી કુલ્લે કિ.રૂ.૧,૯૧,૧૮૦/-ના મુદ્દામાલ

આરોપીઓના નામ :-

(૧)ગજેન્દ્રસિંહ સ/ઓ રાજેન્દ્રસિંહ જાતે સોલંકી ઉ.વ.૪૨ રહે,મ.નં-૨૦,ઓમકાર ટેનામેન્ટ સેન્ટમેરી સ્કુલ પાસે નવા નરોડા કૃષ્ણનગર અમદાવાદ શહેર +૭=૮

આરોપીઓનો ફોટો



એન.ડી.પી.એસ.એક્ટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

કોડીન ફોસ્ડેટ માત્રાવાળી રેક્ષોશનની નશાકારક કફ સીરપની બોટલ નંગ-૧૭૫ કિંમત રૂપિયા ૨૦,૬૫૦/- ના મુદ્દામાલ સાથે આરોપીને પકડી પાડતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન તેમજ નરોડા પોલીસ સ્ટેશનના "પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાંભલા" નાઓના માર્ગદર્શન હેઠળ વુ.પો.સ.ઇ.એસ.એમ.ઠાકોર તથા અ.પો.કો. કલ્પેશકુમાર ધુળાભાઇ બ.નં.૪૯૮૨ નાઓ હંસપુરા ખાતે આવેલ દેવ આશીષ સંકલ્પ કોમ્પલેક્ષ ખાતે ગયેલ જયાં ધોળકા રૂરલ પોલીસ સ્ટેશનના પો.સ.ઇ શ્રી આર.યુ.ઝાલા સાહેબ નાઓએ જણાવેલ કે પો.કો.નરેન્દ્રસિંહ ગોવિંદસિંહ બ.નં.૪૫ તથા અ.પો.કો. નરેન્દ્રકુમાર ગોપાલભાઇ બ.નં.૧૧૬૦ નાઓ ધોળકા રૂરલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૨૦૬૪૨૧૦૨૯૧/૨૦૨૧ એન.ડી.પી.એસ એકટ ૧૯૮૫ ની કલમ ૮(સી), ૨૧(બી), ૨૯ મુજબના કામના આરોપી વિનોદભાઇ મેરાજી ઠાકોર નાને સાથે રાખી તા.૨૩/૦૬/૨૦૨૧ ના રોજ અમદાવાદ ખાતેનો વોન્ટેડ આરોપી સાવજી સીંધીની તપાસમાં હંસપુરા ગામ અમદાવાદ શહેર ખાતેના દેવ આશીષ સંકલ્પ કોમ્પલેક્ષમાં આવેલ એની ટાઇમ ફાર્મસીની દુકાનમાં આવી તપાસ કરતાં આરોપી શૈલેષભાઇ ઉર્ફે સવાજી સીંધી કનુભાઇ દેસાઇ ઉ.વ.૩૯ રહે:અષ્ટવિનાયાક ફલેટની વોચમેનની ઓરડી પી.ડી.પી.યુ રાયસણ ગાંધીનગર મુળ વતન ૧૧, રબારીવાસ વોલાવી વાઘાસર પાટણ નાઓ સદર મેડિકલ સ્ટોર ખાતે મળી આવેલ હોય સદર મેડિક્લ સ્ટોરમાં તપાસ કરતાં કોડીન ફોસ્ડેટ માત્રાવાળી રેક્ષોશનની નશાકારક કફ સીરપની બોટલ નંગ-૧૭૫ કિ.રૂ.૨૦,૬૫૦/- સાથે વગર લાયસન્સ, પરમીટ સદરી જગ્યાથી પકડાઇ ગયેલ હોય જે આરોપી પાસેથી મુદ્દામાલ રીકવર કરી નરોડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૧૨૯૧/૨૦૨૧ એન.ડી.પી.એસ. એકટ કલમ ૮(સી), ૨૧(સી), ૨૯ મુજબ ગુનો દાખલ કરી તા.૨૪/૦૬/૨૦૨૧ ના કલાક ૧૮/૩૦ વાગે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.તા-૨૫/૦૬/૨૦૨૧.

મુદ્દામાલ- કોડીન ફોસ્ડેટ માત્રાવાળી રેક્ષોશનની નશાકારક કફ સીરપની બોટલ નંગ-૧૭૫ જેની કિ.રૂ. કિ.રૂ, ૨૦,૬૫૦/-

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પોલીસ ઇન્સ્પેકટરશ્રી પી.બી.ખાંભલા હંસપુરા ચોકીના વુ.પો.સ.ઇ. એસ.એમ.ઠાકોર તથા પો.સ.ઇ. કે.બી.રાઠોડ તથા અ.પો.કો. કલ્પેશકુમાર ધુળાભાઇ બ.નં.૪૯૮૨ તથા નરોડા થ્રી ગાડીના એ.એસ.આઇ રંગુસિંહ જવાનસિંહ બ.નં.૮૦૪૬ તથા અ.હે.કો. મહેન્દ્રસિંહ હરીશચંદ્રસિંહ બ.નં.૧૬૨ તથા અ.પો.કો નિતેશભાઇ નરેશભાઇ બ.નં.૧૦૩૦

આરોપીનુ નામ

શૈલેષકુમાર ઉર્ફે સાવજી સીંધી સ/ઓ કનુભાઇ દેસાઇ ઉ.વ.૩૯ રહે, હાલ અષ્ટવિનાયાક ફલેટની વોચમેનની ઓરડી પી.ડી.પી.યુ રાયસણ ગાંધીનગર મુળ વતન ૧૧, રબારીવાસ વોલાવી વાઘાસર પાટણ





નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૪૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૩ કેસ કરી, ૮૫ વ્યક્તિઓને ઝડપી, ૨૫૯ લીટર દેશી દારૂ, ૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૧,૯૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૪૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૧૪૮/૨૦૨૧**

ક્રાઇમ બ્રાન્ચ : આશિષ શ્રીલક્ષ્મીનારાયણ શ્રીવાસ્તવ (રહે.શિવાલયા હાઇટ, મોટેરા) એ તા.૨૫/૦૬/૨૦૨૧ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૧/૨૦૧૭ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) મહેન્દ્રકુમાર જસારામજી પુરોહિત (રહે.દેવકૃપા ફલોરા નિકોલ) અને (૨)શંકરારામ મોડારામ (રહે.ગોકુલ ગેલેક્ષી ફલેટ કઠવાડા ગામ રોડ) એ ભેગામળી કઠવાડા સિંગરવા રોડ શ્યામ ઇન્ડસ્ટ્રીઝ એસ્ટેટ ફોર્ચ્યુન એસ્ટેટની પાછળ નરોડા પાટીયા સૈજપુર બોધા ખાતેની "સેંટ્રલ બેંક ઓફ ઈન્ડીયા" બ્રાન્ચમાંથી મશીનરીની લોન તથા કેશ ક્રેડીટ લોન મેળવી તે લોનની રકમ કે લોનના હપ્તા નહી ભરી તેમજ પોતાના શેડમાંથી મશીનરી સગે-વગે કરી બેંક પાસેથી મેળવેલ લોનના વ્યાજ સહિત કુલ રૂપિયા ૭૯,૦૩,૯૨૭/- બેંકમાં નહી ભરી બેંક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એમ.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૧૪૯/૨૦૨૧**

કૃષ્ણનગર : દિલીપસિંહ યતેન્દ્રસિંહ ચૌહાન (ઉ.વ.૨૯)(રહે.વિભાગ-૧ પાર્શ્વનાથ ટાઉનશીપ નવા નરોડા કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૬/૨૦૨૧ રાતના ૧૧/૦૦ થી તા.૨૫/૦૬/૨૦૨૧ ના કલાક ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાના દાગીના કિંમત રૂપિયા ૮,૩૨,૨૦૦/-, ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૫૨,૨૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯,૮૪,૪૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે.ચૌહાણ ચલાવે છે.

મણીનગર : મુકુંદભાઇ સતિષભાઇ જુન્નરકર (રહે.પહેલો માળ ચાણક્ય ફ્લેટ વિભાગ-૦૧ મીરા સીનેમા ચાર રસ્તા પાસે મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૬/૨૦૨૧ બપોરના ૧/૩૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.બી.ગોયલ ચલાવે છે.

સોનાની લક્કી ખેચી તોડી લઈ ગયા- **સમાચાર યાદી નં.૧૧૫૦/૨૦૨૧**

શાહીબાગ : સજ્જનકુમાર શ્યામલાલ સિંધાનીયા (ઉ.વ.૬૫)(રહે.માનસરોવર ફ્લેટ રાધાકૃષ્ણ મંદીર પાસે ઘેવર કોમ્પલેક્ષની સામે શાહીબાગ) તા.૨૫/૦૬/૨૦૨૧ ના કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે હોળી ચકલા પાસે આવેલ પંજાબ સોસાયટી ના નાકા સામે જાહેર શૌચાલય આગળ રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા ત્યારે ત્રણ અજાણ્યા પુરૂષ એ ભેગામળી સજ્જનકુમારની સોનાની લક્કી કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- અને નોકીયા મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૫૦૦/- ખેંચી ઝુંટવી લઇ નાસી ગયા હતા. આ ગુનાની ફરીયાદ સજ્જનકુમાર સિંધાનીયાએ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

ચોરી :- **સમાચાર યાદી નં.૧૧૫૧/૨૦૨૧**

ખાડીયા : ફાલ્ગુનીબહેન વા/ઓ સમીરકુમાર રાણા (રહે.લાલાવસાની પોળની સામે, સાંકડી શેરી, રાયપુર) તા.૨૩/૦૬/૨૦૨૧ બપોરના ૨/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન એસ.ટી. ગીતામંદીર બસ સ્ટેન્ડ થી રાયપુર ચકલા ચકલેશ્વર મહાદેવ મંદીર સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન અજાણ્યા રિક્ષા ચાલકે ફાલ્ગુનીબહેનની નજર ચુકવી તેમના કપડાના થેલામાં રાખેલ લેડીઝ પર્સમાંથી સોનાની વિંટી કિંમત રૂપિયા ૫૦૦૦/-, સોનાનો સેટ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૫,૦૦૦/- મતાની ચોરી કરી નાસી ગયો હતો. આ ગુનાની ફરીયાદ ફાલ્ગુનીબહેન રાણા એ તા.૨૫/૦૬/૨૦૨૧ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.દેસાઇ ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૧૫૨/૨૦૨૧**

સરખેજ : સાઉથ બોપલ રોડ "રત્નાકર વરટે" ની નવી બનતી સાઈડ ઉપર મજુરી કામ કરતા અને ત્યાંજ રહેતા ચન્દ્રાભાઈ ચોરાભાઈ ઓરાવો (ઉ.વ.૬૬)(મુળ ગામ: અલ્તાપુર તા.કરમદહી જી.ઉતરદિનાજપુર પશ્ચિમ બંગાળ) તા.૨૪/૦૬/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગે સાઈડ ઉપર મજુરી કામ કરતા હતા ત્યારે બિલ્ડીંગના બેઝમેંટમાં સાફ-સફાઈ કામ કરતી વખતે લાઈટનુ હેલોજન ખેસડતા વીજ કંરટ લાગતા સારવાર માટે તેમને બોપલ અદવૈત હોસ્પીટલ ખાતે લાવતા ફરજ પરના ડો.શ્રીએ બપોરના ૩/૨૦ વાગે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૧૧૫૩/૨૦૨૧**

રીવરફ્રન્ટ વેસ્ટ : મેહફીજ ડો/ઓ બાબુભાઈ (ઉ.વ.૧૭) (રહે.ધાંચીવાસ, ધાંચી મસ્જિદ પાસે સરખેજ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૬/૨૦૨૧ બપોરના ૪/૨૫ વાગ્યા પહેલા સાબરમતી નદીના પશ્ચિમ કિનારે એન.આઈ.ડી. પાછળ, સ્કાયલાઈન પાસે વોક-વે નજીક નદીમાં ઝંપલાવી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.ભાદરકા ચલાવે છે.

વેજલપુર : સલમાનબેગ ફરીદબેગ મિર્ઝા (ઉ.વ.૨૯)(રહે.ગ્રીનબાગ રો-હાઉસ, મસ્તાન મસ્જીદ પાસે, ફતેવાડી) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૬/૨૦૨૧ ના કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે અંબર ટાવર સામે અનીક હોમ્સની પાસે કચરા પેટી પાસે કોઇ કેફી પીણુ પી લેતા સારવાર અર્થે તેમને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૦૬/૨૦૨૧ ના ૧૦/૫૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

કૃષ્ણનગર : હિમાંશુ વિષ્ણુભાઈ પ્રજાપતિ (ઉ.વ.૧૮)(રહે.અક્ષરધામ સોસાયટી સેન્ટમેરી સ્કુલની સામે આદિશ્વરનગર) એ અગમ્ય કારણોસર તા.૨૫/૦૬/૨૦૨૧ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે નવા નરોડા વિનાયક પ્લાઝા ફ્લેટ બ્લોક નંબર-'એ' ના ધાબા ઉપરથી નીચે પડતુ મુકતા શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એન.વાઘેલા ચલાવે છે.

અમરાઇવાડી : રાહુલભાઇ વેડુભાઇ સીરસાટ (ઉ.વ.૨૩)(રહે.મોતીલાલ હિરાલાના છાપરા સરકારી ચાવડી પાસે અમરાઇવાડી ગામ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૬/૨૦૨૧ રાતના ૧૧/૩૦ થી તા.૨૫/૦૬/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાની ઓરડીના છતના લાકડાના મોભીયા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

રામોલ : પરસીકુમાર ઉર્ફે જોય સ/ઓ સંજયભાઇ ઝાંઝરૂકીયા (ઉ.વ.૨૦) (રહે.ક્રાઇસ્ટફ્રોક સોસાયટી જીવનદીપ સ્કુલની બાજુમાં, સિંધવાઇ માતાના મંદિર પાછળ સી.ટી.એમ. રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૬/૨૦૨૧ સાજના ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી